# ગુજરાતનો મહાસંગ્રામ 2012

**ગુજરાતનો મહાસંગ્રામ 2012**

## પરિણામ અનુમાન સ્પર્ધા

- આ ચૂંટણીમાં પરિવર્તન થશે કે પુનરાવર્તન ? ................
- ચૂંટણી પ્રચારની ચેનલો પરની જાહેરાતમાં કયા પક્ષની જાહેરાતો અસરકારક છે ? ................
- ચૂંટણી પ્રચારની અખબારમાં છપાતી જાહેરાતમાં કયા પક્ષની જાહેરાત અસરકારક છે ? ................
- ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પર કયા ઉમેદવાર જીતશે ?
  - ગાંધીનગર ઉત્તર ................................
  - ગાંધીનગર દક્ષિણ ................................
  - માણસા ................................
  - કલોલ ................................
  - દહેગામ ................................
- ગુજરાતમાં ભાજપ કેટલી બેઠકો મેળવશે ? ................
- ગુજરાતમાં કોંગ્રેસ કેટલી બેઠકો મેળવશે ? ................
- કયા પક્ષને કેટલી બેઠકો મળશે ?
  - ગુજરાત પરિવર્તન પાર્ટી ................
  - જેડી-યુ ................
  - સદ્‌ભાવના મંચ ................
  - બસપા ................
  - અપક્ષ ................
- આપની દૃષ્ટિએ કોણ મુખ્યમંત્રી બનશે ? ......................

**સ્પર્ધા અંગેના નિયમો :**

- સ્પર્ધા માટે અખબારનું આ કટીંગ જ માન્ય રહેશે, અન્ય કોઈ કાગળ કે ફોટોકોપી માન્ય ગણાશે નહીં.
- તા. ૧૭ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ સાંજે પાંચ વાગ્યા સુધી આવેલા કટીંગ્સ સ્પર્ધા માટે માન્ય ગણાશે.
- સ્પર્ધાનાં પરિણામો તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ જાહેર કરવામાં આવશે.
- એક કરતાં વધુ વિજેતાઓના કિસ્સામાં ઈનામની રકમ સઘળા વિજેતાઓ વચ્ચે વહેંચવામાં આવશે.
- પ્રથમ ઈનામ : રૂા. ૫૦૦૦-૦૦ (૧૦૦% સાચા જવાબો)
  દ્વિતિય ઈનામ : રૂા. ૩૦૦૦-૦૦ (૮૦% સાચા જવાબો)
  તૃતિય ઈનામ : રૂા. ૨૦૦૦-૦૦ (૬૦% સાચા જવાબો)

**ઉત્તરદાતાની વિગત :**

નામ : ................................................

સરનામું : ................................................

................................................

ફોન/મોબાઈલ નંબર : ........................................

# ગુજરાતમાં વિકાસના મામલે ભ્રામક પ્રચાર છે : રાહુલ

અમદાવાદ, તા. ૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનના ગણતરીના કલાકો પહેલા જ કોંગ્રેસના યુવરાજ અને અખિલ ભારતી કોંગ્રેસ સમિતિના મહામંત્રી રાહુલ ગાંધીએ આજે આક્રમક ચૂંટણી પ્રચાર કરતી વેળા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પર સીધા પ્રહાર કર્યા હતા અને ગુજરાતની પ્રગતિના મામલામાં ખોટા પ્રચાર કરનાર માર્કેટિયર તરીકે મોદીને ગણાવ્યા હતા. રાહુલે કહ્યુ હતુ કે ગુજરાત દેશ માટે મહત્વપૂર્ણ હિસ્સો છે. જામનગરમાં રેલીને સંબોધતા રાહુલે કહ્યુ હતુ કે ગુજરાતમાં જનતાનો અવાજ સાંભળવામાં આવતો નથી. ગુજરાત સરકાર અને મુખ્યમંત્રી લોકોને સાંભળવા માંગતા નથી. સરકાર માત્ર પોતાનો અવાજ સંભળાવવા માંગે છે. માત્ર પોતાના સ્વપ્નને પરિપૂર્ણ કરવામાં જ લાગેલા છે. રાહુલે ભ્રષ્ટાચાર, બેરોજગારી, વિકાસ સહિતના મુદ્દાઓ ઉઠાવ્યા હતા. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે રાહુલે તમામ મુદ્દા ઉઠાવ્યા હતા. વડાપ્રધાન મનમોહનસિંહ, સોનિયા ગાંધી બાદ રાહુલ ગાંધીએ રાજ્યમાં ત્રણ મોટી સભાને સંબોધી હતી. રાહુલે કહ્યુ હતુ કે ગુજરાત સાઈનિંગ સ્લોગન આ વખતે ચાલશે નહીં. અમરેલી ખાતે ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધન કરતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને યુવા નેતા રાહુલગાંધીએ ઉપસ્થિત જનમેદનીને હાથ હલાવી અભિવાદન કરી જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ગાંધીજીના વિચારોને અનુસરતી પાર્ટી છે, સમાજના તમામ લોકોને સાથે રાખીને ચાલનાર પાર્ટી છે. રાજનેતા કેવા હોવા જોઈએ તે વાતનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, રાજનેતાને પોતાના નિયમો હોવા જોઈએ. રાજનેતાનું કામ કમજોર અને ગરીબ વર્ગના લોકોના અવાજને સાંભળવાનું હોય છે, સમજવાનું હોય છે અને તેને યથાયોગ્ય ન્યાય આપવાનું હોય છે. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીજી મારા આદર્શ છે. મનરેગા યોજના લાવીને ગરીબોને રોજગારી આપી છે. કોંગ્રેસ પાર્ટીએ આરટીઆઈનો કાનૂન લાવીને ગુજરાતના ભ્રષ્ટાચારને બહાર લાવી છે. ટેલીકોમ અને કોમ્પ્યુટર ક્રાંતિ એ રાજીવ ગાંધી અને સામ પિત્રોડાની દેણ છે. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, સબકો આવાજ દો એ વાત રાજીવ ગાંધીએ ભારપૂર્વક રજૂ કરી હતી અને આ વિચાર મહાત્મા ગાંધીજીનો હતો. ગુજરાતમાં ૧૪ હજાર જેટલી આરટીઆઈ હેઠળ થયેલ અરજીઓ પેન્ડીંગ છે. પીવાનું પાણી લોકોના ઘર સુધી પહોંચ્યું નથી. ખેડૂતોને સ્થિતિ કફોડી છે. ગુજરાતમાં ભ્રષ્ટાચારને દબાવવા માટે લોકાયુક્તની નિમણૂંક કરવામાં આવી નથી. ગુજરાતમાં શિક્ષિત બેરોજગારો ૧૦ લાખ જેટલા નોંધાયેલા છે. આદિવાસીઓના હક્કો છીનવી લેવામાં આવ્યા છે. એફ.ડી.આઈ.નો ઉલ્લેખ કરી તેમણે સુષ્મા સ્વરાજ ઉપર નિશાન સાધ્યું હતું. ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, જે શાસનમાં પ્રજાના અવાજને દબાવી દેવામાં આવતો હોય, પ્રજાને તેના હક્ક અને અધિકાર ન મળતા હોય ત્યારે ચૂંટણીએ લોકતંત્રમાં ન્યાય મેળવવા માટેનું ઉત્તમ સાધન હોય ઉપસ્થિત જંગી જનમેદનીને કોંગ્રેસ પક્ષના ઉમેદવાર અને પાર્ટીને વિજયી બનાવી પ્રજાલક્ષી શાસન પ્રસ્થાપિત કરવા અપીલ કરતા જંગી જનમેદનીનો આભાર માની નમસ્કાર કહ્યા હતા. આ પ્રસંગે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ, ગુજરાતના પ્રભારી મોહનપ્રકાજી સહિત કોંગ્રેસના અનેક મહાનુભાવો, આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જામનગરના પ્રદર્શન મેદાનમાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધન કરતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને યુવા નેતાશ્રી રાહુલ ગાંધીએ મંચ ઉપરના તમામ મહાનુભાવો ને આવકારી, ઉપસ્થિત જંગી જનમેદનીને હાથ હલાવી અભિવાદન કરી જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી પાસેથી મને ઘણું શીખવાનું મળ્યુંછે. મહાત્મા ગાંધી મારા રાજકીય ગુરુ છે. ગુજરાત મહાત્મા ગાંધીની ભૂમિ છે. ખેડૂતો આત્મહત્યા કરે છે, આદિવાસીઓને તેમના હક્કો મળતા નથી, ખેડૂતોને વીજળી નથી મળતી તો કયા અર્થમાં ગુજરાત ચમકે છે? તેવો વેધક સવાલ કર્યો હતો. ગુજરાતમાં લોકોને પીવાનું પાણી મળતું નથી તો કયા અર્થમાં ગુજરાત ચમકે છે? ગુજરાતમાં પ્રજાના અધિકારો અને હક્કો છીનવી લેવાય ત્યારે પ્રજા મતદાન વખતે પોતાનો ન્યાય મેળવી લેતી હોય છે તેવો ટંકારવ રાહુલ ગાંધીએ જુસ્સાભેર કર્યો હતો.



# નરેન્દ્ર મોદી પ્રજાને ગેરમાર્ગે દોરવામાં પાવરધા છે : શર્મા

અમદાવાદ, તા. ૧૧

કેન્દ્રિય ઉદ્યોગ, વાણિજય અને કાપડ મંત્રી આનંદ શર્માએ આજે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કેન્દ્રના ચિત્રને ઉલટું દર્શાવવામાં આવે છે. અપપ્રચાર કરવામાં આવે છે. ગુજરાતના મુખ્યમંત્રી પ્રજાને ગેરમાર્ગે દોરવામાં પાવરધા છે અને તેને માટે અલગ-અલગ પ્રકારના સાધનોનો ઉપયોગ કરે છે. સુરતમાં પત્રકાર પરિષદને સંબોધતા આનંદ શર્માએ આકરા પ્રહારો કર્યા હતા. કેન્દ્રિય મંત્રી આનંદ શર્માએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતએ મહાત્મા ગાંધીની ભૂમિ છે. મહાત્મા ગાંધી પોતાના કપડા જાતે રેટિયા ઉપર તૈયાર કરતા હતા અને તેનો ઉપયોગ કરતા હતા. દેશના ગરીબો અને પછાત વર્ગ માટે કેન્દ્ર સરકારે જે કંઈ કરવું જોઈએ તે બધું જ કરી છૂટી છે. ગુજરાતના લોકોને જે અન્યાય થયો તે મોદીના અભિમાનને કારણે થયો છે. કેન્દ્રના પત્રોનો મોદી જવાબ આપતા નથી. કેન્દ્ર સરકારના નિર્ણયોનો અવળી રીતે રજૂ કરીને પ્રજાને ગુમરાહ કરવાનો અને સત્યથી વેગળી રાખવાના સતત પ્રયાસો જાહેરાતોના માધ્યમો દ્વારા કરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો.

કેન્દ્રિય આનંદ શર્માએ ગુજરાત સરકારને આડેહાથ લેતા જણાવ્યું હતું કે, મોદી ગોબેલ્સની વિચારધારાને વરેલા છે. કેન્દ્ર સરકાર માંસની નિકાસ ઉપર સબસીડી આપતી હોવાની વાતનો ઉલ્લેખ કરી શર્માએ સ્પષ્ટતા કરી હતી કે કેન્દ્ર ક્યારેય ગૌમાંસ ઉપર સબસીડી આપતી નથી. તેમણે ગુજરાતના મુખ્યમંત્રીને જણાવ્યું હતું કે કોંગ્રેસના મોટા નેતાઓ વિરૂદ્ધ જે અપશબ્દો બોલાય છે તે કોઈપણ રીતે ઉચિત નથી.

કોંગ્રેસ એવી મજબૂત છે કે તે જવાબ આપી શકે તેમ છે શ્રી શર્માએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, જેના પોતાના ઘર શીશાના હોય તેવા લોકોએ તો ક્યારેય કોઈના વિરૂદ્ધ અપશબ્દો અને અપપ્રચારનો સહારો લેવો જોઈએ નહીં. શર્માએ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રજા પોતાને થયેલા અન્યાયનો બદલો લેશે અને કોંગ્રેસ પક્ષને વિજય બનાવી પ્રજાલક્ષી સરકાર બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતનો ચળકાટભ્રામક

# એન્ગ્રી યંગ મેન રાહુલે સ્ટીમ રોલર ફેરવ્યું

કુલ એક સો બ્યાશી પૈકીની સત્યાશી બેઠકોની ચૂંટણીના પ્રચારનાં પડઘમ આજે શાંત પડી ગયાં છે. છેલ્લે છેલ્લે કોગ્રેંસના યુવરાજ તરીકે ઓળખાત રાહુલ ગાંધીએ પણ પ્રચાર યુદ્ધમાં એમની હાજરી નોંધાવી કોગ્રેંસી ઉમેદવારોનો ઉત્સાહ વધાર્યો છે. રાહુલ છેલ્લાં ઘણાં વર્ષોથી રાજકારણની પાઠશાળાના એક સંનિષ્ઠ વિદ્યાર્થીની જેમ પોતાની જાતને ભવિષ્યની મોટી જવાબદારી માટે તૈયાર કરી રહ્યા છે. એમની ધીરજ અને ધ્યેયનિષ્ઠા દાદ માગી લે છે. ધાર્યું હોત તો એ અધ વચ્ચે જ ડૉ. મનમોહનસિંહની સરકારમાં કૅબિનેટ મંત્રીનો દરજ્જો મેળવી શકે એમ હતા; અરે, મનમોહનસિંહ તો કાચી સેકંડે એમના રાજ્યાભિષેક માટે ખસી જવા પણ તૈયાર હતા. પરંતુ રાહુલ પરિપકવ અને સંતુલિત માનસ ધરાવતા યુવાન છે. એમને વડાપ્રધાન થઈ જવાની ઉતાવળ નથી ! બનવા જોગ કે આગામી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પછી 'યુપીએ-૩' ગઠબંધન સરકાર આવે ત્યારે પણ તેઓ જાતે સરકારની ધુરા સંભાળવાને બદલે પી.ચિદંબરમ્ જેવા વરિષ્ઠ અને વિશ્વમાન્ય નેતાની તરફેણમાં પોતાનો હક જતો કરવા તૈયાર થાય. 'ધ ઈકોનોમિસ્ટ'ની આગાહી મુજબ ભારતના ભાવિ વડાપ્રધાન પદે ચિદંબરમ્ જ હોટ ફેવરીટ છે, અને એ મુદ્દે રાહુલ ગાંધીનએ કશો પ્રતિવાદ કર્યો નથી. હા, કોગ્રેંસના શિંદે જેવા વરિષ્ઠ નેતાઓ જરૂર રાહુલ ગાંધીનું નામ આગળ ધરીને એમની હાઈકમાંડ પ્રત્યેની વફાદારી બતાવતા રહ્યા છે.

જામનગરની જાહેરસભામાં નરેન્દ્ર મોદીનું નામ લીધા વગર એમની આક્રમક શૈલીમાં મોદીના વિકાસના ધજાગરા ઉડાડ્યા અને મોદીની મોર્કેટીંગના કારણે બહાર દેખાતું 'પીળું એટલું સોનું નથી-' એવી રજૂઆત કરી. રાહુલ ગાંધી એમના પ્રવચનમાં પ્રશ્નાર્થ વાક્યો વાપરી શ્રોતા સમુદાય સાથે સીધો સંબંધ સ્થાપે છે. જામનગર સહિત સૌરાષ્ટ્રમાં પીવાના પાણીનો મોટો વિકટ પ્રશ્ન છે. રાહુલે શ્રોતા વર્ગને સીધો સવાલ કર્યો અને મંચ પર બેઠેલા સાંસદ પાસેથી પણ જવાબ માંગ્યો. જામનગર જેવા શહેરને દર ત્રીજે દિવસે પચીસ મિનિટ માટે પાણી અપાતું હોય એવા રાજ્યનો વિકાસ થયો કઈ રીતે કહેવાય ? છતાં મોદી પ્રચારના નિષ્ણાત છે, 'માર્કેટીંગના માસ્ટર છે, એટલે બહાર બધે જ એમની બોલબાલા છે. વાસ્તવિકતા એથી તદન જુદી છે. રાહુલ ગાંધીએ સૌરાષ્ટ્ર અને અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને આવરી લેતી ૮૭ બેઠકોમાં પ્રચાર ઝુંબેશ માટે છેલ્લો દિવસ પસંદ કરીને મોદીને વળતો જવાબ આપવાની તક જ મળવા દીધી નથી. મતદારો, વિશેષ પણે યુવાનો રાહુલના રાજકુમાર જેવા વ્યક્તિત્વથી અને 'એન્ગ્રી યંગ મૅન'ની ફિલ્મી ઢબે ગુજરાતમાં ફકત એક જ માણસનો અવાજ સંભળાતો હોવાની વાત કરી મોદીની સરમુખત્યાર શાહી સામે પડકાર કરવાની હાકલ કરી છે. ગુજરાત અને મહાત્મા ગાંધીના વિચારોને અનુસરતી કોગ્રેંસ સરકારે જ દેશમાં 'આઈટી' અને મોબાઈલ ક્રાંતિ કરી હોવાનું જણાવી એમણે એમના દિવંગત પિતા રાજીવ ગાંધીના સમયમાં સામપિત્રોડાએ દેશભરમાં ટેલિફોન ક્રાંતિ કરી હોવાનું જણાવ્યું હતું. ગુજરાતમાં લાખો યુવાન-યુવતીઓ બેરોજગાર છે, છતાં ગુજરાતમાં બહાર અને મીડિયામાં ચમકે છે, તે મોદીની આગવી કરામત છે. પ્રજાને આ મુદ્દો ગળે ઉતરે એવી ભાષામાં રાહુલ ગાંધીએ રજૂઆત કરી છે. સોનિયા ગાંધી કરતાં રાહુલ ગાંધી વધુ અસરકારક પુરવાર થયા છે. અલબત્ત, સોનિયા ગાંધીની જાહેરસભાઓમાં ઊમટેલી ચિક્કાર મેદની પણ આવી રહેલી આંધીનો જ પૂર્વ સંકેત લાગે.

તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૧૨ના દિવસે થનાર પહેલા તબક્કાની ચૂંટણીમાં કોગ્રેંસ અને કેશુબાપાનો દબદબો દેખાઈ રહ્યો છે. સૌરાષ્ટ્રમાં ગુજરાત કોગ્રેંસનું નેતૃત્વ કેન્દ્રીત થયેલું છે. ભાવનગર ગ્રામ્ય બેઠક પર ગુજરાત વિધાનસભા કોગ્રેંસ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ ચૂંટણી લડી રહ્યા છે. એમને કોગ્રેંસ પક્ષ ભાવિ મુખ્યમંત્રી પદના સક્ષમ ઉમેદવાર તરીકે ભપસાવી રહ્યો છે. વર્ષો પછી સૌરાષ્ટ્રને ગુજરાત રાજ્યનું સુકાન સંભાળવાની તક મળે એવા ઊજળા સંજોગો ઊભા થયા છે. કોગ્રેંસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને ત્રીજા પરીબળ તરીકે કાઠું કાઢી રહેલ ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખ-પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ ઉપરાંત એમના અર્જુન સમા ગોરધન ઝડફિયા પણ સૌરાષ્ટ્રમાંથી જ ચૂંટણી લડી રહ્યા છે. સોનિયા ગાંધીએ ગુજરાતની વિધાનસભાની ચૂંટણીની પ્રચાર ઝુંબેશના શ્રીગણેશ 'ગુજરાત'થી નહીં પણ 'સૌરાષ્ટ્ર'ના પાટનગર ગણાતા રાજકોટથી કરી હતી તે સૂચક નથી? સૌરાષ્ટ્ર સાનુકૂળ પ્રતિસાદ પાઠવે તો ગુજરાતનું સુકાન સૌરાષ્ટ્રના નેતાને સોંપી શકાય, એવો ગર્ભિત સંકેત બિટવિન ધી લાઈન્સ વાંચી શકાય એવો એ ઈશારો હતો.

બીજી તરફ કેશુભાઈ પટેલ વિરુદ્ધ ઉત્તર ગુજરાતને અન્યાય કર્યો હોવાનો હોબાળો મચાવનારા તત્કાલીન અસંતુષ્ટોએ કેશુભાઈ ફકત સૌરાષ્ટ્ર તરફ જ ધ્યાન આપતા હોવાનો આક્ષેપ કરાયો હતો. એ વખતે 'કેશુભાઈ હટાવો' ઝુંબેશના મુખ્ય સુત્રધાર તરીકે દિલ્હીમાં રાજકીય વનવાસ ભોગવી રહેલા નરેન્દ્ર મોદી જ હતા, જે પાછા ઉત્તર ગુજરાતના વતની હતા. નરેન્દ્ર મોદીએ કેશુભાઈ પટેલને જ ન હટાવ્યા, સાથો સાથ એમણે સૌરાષ્ટ્રને પણ રાજકીય ચિત્રમાંથી બકાત કરી નાખ્યું. કેશુભાઈ પટેલના સમર્થક અને ભાજપના પ્રદેશ પ્રમુખ રાજેન્દ્રસિંહ રાણાને પણ એમણે આવતાની સાથે કદ મુજબ વેતરી નાખીને એમની કિન્નાખોરીનો પરચો બતાવી દીધો હતો. એ વખતે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી તરીકે કાર્યરત સંજય જોશીને દિલ્હી ખસેડવામાં પણ એમને સફળતા સાંપડી હતી. પાછળથી સંજય જોશીના અને મોદીની વાતો નહીં માનનારા હરેન પંડ્યાના શા હાલ હવાલ થયા તે જગજાહેર છે.

આમ, મોદી ફકત અનુગોધરા કાંડના મુદે જ નહીં. બલકે, પક્ષના વરિષ્ઠ નેતાઓને વધેરી નાખવાના મુદ્દે પણ વિવાદાસ્પદ રહ્યા હતા. છતાં એમનું મીડિયા મેનેજમેન્ટ એટલું મજબૂત હતું કે, તમામ પ્રતિકૂળતાઓને તેઓ અનુકૂળતામાં પલટાવી દઈ પોતે પાર્ટી માટે કેટલા અનિવાર્ય છે, તે બાબત પ્રસ્થાપિત કરી શક્યા હતા. આખરે એક સમય એવો આવ્યો કે મોદી 'લાર્જ ધેન લાઈફ' ઈમેજ સર્જી ગુજરાતના 'સુલતાન' જ બની ગયા પરંતુ હાઈ કમાંડ એમનો વાળ વાંકો કરી શક્યો નહીં.

અગિયાર વર્ષના શાસનને અંતે ભારેલા અગ્નિ જેવો ધુંધવાટ આખરે ભડકો થઈને બહાર આવી ગયો છે. કેશુભાઈ પટેલ ૮૪ વર્ષની જૈફ વયે 'મોદી હટાવ'નો એક મુદ્દાનો કાર્યક્રમ લઈ મેદાન જંગમાં કૂદી પડ્યા છે. એમને રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના ભાસ્કરરાવ દામલે, પ્રવિણ મણિયાર અને લાલજીભાઈ પટેલ જેવા વરિષ્ઠ અગ્રણીઓનો ખુલ્લો ટેકો છે તો વળી, ડૉ. પ્રવિણ તોગડિયા હસ્તકની વિશ્વહિંદુ પરિષદના તો ઉમેદવારો જ જીપીપીની ટિકિટ લઈને ચૂંટણી મેદાનમાં ઊતર્યા છે. કેશુભાઈ પટેલના આ સંઘર્ષમાં ખોડલધામ ટ્રસ્ટના નરેશ પટેલનું સમર્થન પણ હવે છાનું નથી રહ્યું. લેઉવા પાટીદારોએ ગુજરાતની સત્તા અંકે કરવા માટે ખુલ્લી ઝુંબેશ આરંભી છે ત્યારે નરેશ પટેલ કેશુભાઈ ઉપરાંત કોગ્રેંસના વિઠ્ઠલ રાદડિયા જેવા સક્ષમ ઉમેદવાર તરફ પણ સહાનુભૂતિ રાખી સમાજને બહુ જ સમજદારી પૂર્વક મતદાન કરવાની અપીલ કરી ચૂક્યા છે. હિંદુત્વનો મુદ્દો ઊપસાવવાનાં મોદીનાં હવાતિયાં નિષ્ફળ ગયાં છે અને વિકાસના મુદ્દાનો પરપોટો ફૂટી ગયો છે. આદિવાસી પટ્ટો એના મૂળ ઘરભણી પાછો ફરી રહ્યો હોવાનાં એંધાણ છે અને સુરત જેવા શહેરી વિસ્તારમાં પણ ભાજપના કાંગરા ખરી રહ્યા છે. લઘુમતી સમાજ એકી અવાજે કોગ્રેંસ તરફી ઢળશે અને ક્ષત્રિય સમાજ શક્તિસિંહ ગોહિલ તથા શંકરસિંહ વાઘેલા અને ભરતસિંહ સોલંકી જેવા નેતાઓની અપીલ સ્વીકારીને જો સમજણ પૂર્વક મતદાન કરશે તો પહેલા તબક્કાની ચૂંટણીમાં કોગ્રેંસ અને પરિવર્તન પાર્ટીનો હાથ અધ્ધર રહેશે, એવી આગાહી કરવામાં જરી કે જોખમ નથી લાગતું.

આખરે તો આપણી પ્રજામાં 'હીરો વર્શિપ'- વ્યક્તિ પૂજાની માનસિકતા ઘર કરી ગયેલી છે. પ્રજાને જ્યારે એનો હાથવગો નાયક મળી શકે એમ હોય, પોતીકો માણસ જ ગુજરાતી ગાદી સંભાળવાની શકયતા ધરાવતો લાગી રહ્યો હોય તો એને મોદીની આભાસી કરિશ્મામાંથી બહાર આવતા વાર કેટલી ?

**રાહુલ ગાંધીએ સૌરાષ્ટ્ર અને અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને આવરી લેતી ૮૭ બેઠકોમાં પ્રચાર ઝુંબેશ માટે છેલ્લો દિવસ પસંદ કરીને મોદીને વળતો જવાબ આપવાની તક જ મળવા દીધી નથી**

**રાહુલે રાજકુમાર જેવા વ્યક્તિત્વથી અને 'એન્ગ્રી યંગ મૅન'ની ફિલ્મી ઢબે ગુજરાતમાં ફકત એક જ માણસનો અવાજ સંભળાતો હોવાની વાત કરી મોદીની સરમુખત્યાર શાહી સામે પડકાર કરવાની હાકલ કરી છે; ગુજરાત અને મહાત્મા ગાંધીના વિચારોને અનુસરતી કોગ્રેંસ સરકારે જ દેશમાં 'આઈટી' અને મોબાઈલ ક્રાંતિ કરી હોવાનું જણાવી એમણે એમના દિવંગત પિતા રાજીવ ગાંધીના સમયમાં સામપિત્રોડાએ દેશભરમાં ટેલિફોન ક્રાંતિ કરી હોવાનું જણાવ્યું હતું, ગુજરાતમાં લાખો યુવાન-યુવતીઓ બેરોજગાર છે, છતાં ગુજરાતમાં બહાર અને મીડિયામાં ચમકે છે, તે મોદીની આગવી કરામત છે... પ્રજાને આ મુદ્દો ગળે ઉતરે એવી ભાષામાં રાહુલ ગાંધીએ રજૂઆત કરી છે**

**'ધ ઈકોનોમિસ્ટ'ની આગાહી મુજબ ભારતના ભાવિ વડાપ્રધાન પદે ચિદંબરમ્ જ હોટ ફેવરીટ છે, અને એ મુદ્દે રાહુલ ગાંધીનએ કશો પ્રતિવાદ કર્યો નથી; હા, કોગ્રેંસના શિંદે જેવા વરિષ્ઠ નેતાઓ જરૂર રાહુલ ગાંધીનું નામ આગળ ધરીને એમની હાઈકમાંડ પ્રત્યેની વફાદારી બતાવતા રહ્યા છે**

## ચૂંટણી ચક્રવ્યૂહ

- યુયુત્સુ દેસાઈ

